# ઓરીએન્ટની નવી બ્રાન્ડ ઓળખ ઓરીએન્ટ ઈલેકટ્રીકનુ અનાવરણ



સીકે બિરલા ગ્રુપના સમુહ ના અંગ ઓરીએન્ટ ઈલેક્ટ્રીકલ્સે હાલમાં જ પોતાની નવી બ્રાન્ડ ઓળખ ઓરીએન્ટ ઈલેક્ટ્રીકનુ અનાવરણ કર્યુ. દેશમાં પંખાની સૌથી જુના અને સૌથી મોટા નિર્માતા ઓરીએન્ટ ભારતીય પંખા ઉદ્યોગમાં એક મહત્વપુર્ણ ખેલાડીના સ્થાનથી સ્માર્ટ હોમ સોલ્યુશંસ પ્રદાન કરવા માટે આગલી પેઢી ના ઈન્ટીગ્રેટેડ હોમ સોલ્યુશંસ પ્રોવાઈડર બનવાની દિશામાં આગળ વધી રહયુ છે.ઓરીએન્ટ ઈલેક્ટ્રીકલે પોતાના આકર્ષક ડિઝાઈન વાળા વીજળીની બચત કરવા વાળા લાઈટીગ ઉત્પાદ, પંખા અને હોમ અપ્લાયન્સેસની શ્રૃંખલા સાથે બ્રાન્ડના કુલ ક્વોશન્ટ ને વધારવા માટે તૈયાર છે.આ પ્રસંગે સીકે બિરલા સમુહના ચેરમેન શ્રી સીકે બિરલાએ જણાવ્યુ કેઓરીએન્ટ ઈલેક્ટ્રીક એક ઉત્પાદ કંપનીથી એક લાઈફસ્ટાઈલ હોમ સોલ્યુશન પ્રોવાઈડરના રુપમાં વિકસીત થઈ ગઈ છે.આ સંગઠન બ્રાન્ડને નવી પેઢીના ઉપયોગકર્તાઓની વધતી આવશ્યકતાઓ પુરા કરવાની દિશામાં આગળ વધવા સમર્થ બનાવશે.આ પ્રસંગે ઓરીએન્ટ ઈલેક્ટ્રીકલના સીઈઓ શ્રી મનોજ વર્મા એ જણાવ્યુ કે,નવી રિપોઝીશનીગ સાથે અમે અમારી ઈનહાઉસ મેન્યુફેકચરીગ અને આરએન્ડડી ક્ષમતાઓનો વિકાસ કર્યો છે.જેથી અમે ખુબ જ સહજ રીતે દક્ષતા ,સક્ષ્મતા અને ટકાઉપણાના સર્વોચ્ચ સ્તરો સાથે ઉત્પાદન અને સમાધાન રજુ કરી શકીએ.